# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-08-2026 EVENING: 7.10 TO 7.20**
**Day : TUESDAY Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) આગામી જાન્યુઆરીમાં યોજાનારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના આયોજન માટે 13 સમિતિની રચના.

2) દેશમાં UPIના દસ વર્ષ પૂર્ણ- વ્યવહારોમાં 13 હજાર ગણો વધારો.

3) રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં હવે પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ બંધ કરાશે.

4) રાજ્યભરમાં આજથી 'સંસ્કૃત સપ્તાહ'નો પ્રારંભ.

5) રાષ્ટ્રીય કક્ષાની ટ્રેક મોટરસાઈકલ રેસિંગમાં પોડિયમ ફિનિશ મેળવીને વડોદરાની કિંજલ રાજે ઈતિહાસ રચ્યો.

-----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VIBRANT COMMITTEE

**આગામી જાન્યુઆરીમાં યોજાનારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના આયોજન માટે 13 સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિઓમાં સ્થળ, કાર્યક્રમ અને એક્સેસ મેનેજમેન્ટ, પ્રદર્શન, ભેટ સંભારણું અને ગ્લોબલ ક્રાફ્ટ્સ શોકેસ, દસ્તાવેજીકરણ, કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષા જેવી મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા તેમજ સુરક્ષા સમિતિના વડા તરીકે DGP જી. એસ. મલિકને જવાબદારી આપવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)**

*(વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના સુચારૂં આયોજન માટે ખાણીપીણી, પ્રોટોકોલ, પરિવહન અને રહેઠાણ, સેમિનાર, B2B-B2G-G2G બેઠકો, મીડિયા, હવાઈમથક સુવિધા, ટ્રાફિક-પાર્કિંગ અને MoU સમિતિ પણ બનાવાઇ છે. મીડિયા સમિતિ મીડિયા અને પ્રમોશન સાથે જોડાયેલી તમામ કામગીરીનું આયોજન કરશે, જ્યારે હવાઈમથક સુવિધા સમિતિ અમદાવાદ અને વડોદરા આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર મહાનુભાવોના સ્વાગત અને જરૂરી વ્યવસ્થાઓ સંભાળશે. આ સાથે ટ્રાફિક અને પાર્કિંગ સમિતિ મહેમાનો માટે પાર્કિંગ અને રૂટ પ્લાનિંગ કરશે, જ્યારે MoU સમિતિ રોકાણ અને કરારો સંબંધિત આયોજન અને સંકલનની જવાબદારી સંભાળશે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# CM CANADA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ સમિટ ગુજરાત અને કેનેડાના આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરી. કેનેડા મુલાકાતના બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળના ગુજરાત પ્રતિનિધિમંડળે આજે બે ગોળમેજી બેઠક યોજી. એક બેઠકમાં  મુખ્યમંત્રીએ કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સએ વાયબ્રન્ટ સમિટ-2027માં સહભાગીતા માટે દર્શાવેલી ઉત્સુક્તાની પ્રસંશા કરી. જેના પરિણામે B2B જોડાણો, રોકાણો અને ભાગીદારીના જે નવા માર્ગો ખૂલશે તે કેનેડા-ગુજરાત વચ્ચેના આર્થિક સંબંધો વધુ મજબૂત બનશે.

શ્રી પટેલે TiE ધ ઈન્ડીસ એન્ટરપ્રેન્યોર્સના 30  જેટલા પ્રતિનિધિઓ સાથેની બેઠક યોજી. ઉપરાંત તેમને આગામી વાયબ્રન્ટ ગુજરાત સમિટ પહેલાં ગુજરાતમાં રોકાણ, ઈનોવેશન અને સ્કેલિંગ માટેની તકો શોધવા આમંત્રણ પાઠવ્યું.

# CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણ કાર્યક્રમ રાજ્ય સ્વાગત આ ગુરુવારે 27 ઓગસ્ટના રોજ યોજાશે. નાગરિકો આ રાજ્ય સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર સવારે 8 થી 11 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ગુરૂવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

# UPI-TEN YEARS

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ- UPIના આજે 10 વર્ષ પૂર્ણ થયા છે. વર્ષ 2016માં આજના દિવસે UPIની શરૂઆત થઈ હતી. UPIની વિશ્વસનીયતાને વૈશ્વિક સ્તરે માન્યતા મળી છે, આ પ્રણાલી હવે 11 દેશોમાં કાર્યરત છે. તે ભારતના જાહેર ડિજિટલ માળખાના સૌથી સફળ સ્તંભોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે. UPI વ્યવહાર કદમાં લગભગ 13 હજાર ગણો વધારો થયો છે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે વાર્ષિક વ્યવહાર કદ 2016-17માં માત્ર એક કરોડ 78 લાખ વ્યવહારથી વધીને 2025-26માં 24 હજાર 162 કરોડ વ્યવહારથી વધુ થયું છે. તે જ સમયગાળા દરમિયાન ટ્રાન્ઝેક્શન મૂલ્ય પણ સાત હજાર કરોડ રૂપિયાથી ઝડપથી વધીને લગભગ 314 લાખ કરોડ રૂપિયા થયું છે.

# PLASTIC FOLDER

રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં હવે પ્લાસ્ટિકના ફોલ્ડર અને ફાઈલોનો ઉપયોગ તબક્કાવાર બંધ કરાશે. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર અનુસાર ટકાઉ અને પર્યાવરણલક્ષી કાર્યપ્રણાલીને વેગ આપવા સચિવાલયથી લઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સુધી તમામ કચેરીઓમાં આ નિર્ણય લાગુ કરાશે. પ્લાસ્ટિકના બદલે કાગળ, શણ અને કાપડમાંથી બનેલા પર્યાવરણ અનુકૂળ ફાઈલ કવરનો ઉપયોગ કરાશે. હાલમાં કચેરીઓમાં ઉપલબ્ધ પ્લાસ્ટિક સ્ટેશનરીનો સ્ટોક પૂર્ણ થયા બાદ નવી તમામ ખરીદી આ પર્યાવરણીય દિશાનિર્દેશો મુજબ જ કરવાની રહેશે.

# BANASKANTHA GHEE

બનાસકાંઠાના ડીસામાંથી 400 કિલોથી વધુ શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા શંકાસ્પદ ઘીના ઉત્પાદન અને વેચાણ અંગે માવજત ફુડ પ્રોડકટસની તપાસ કરવામાં આવી. તે દરમિયાન પેઢીમાંથી ઘીના નમૂનાઓ લઈ અઢી લાખ રૂપિયાથી વધુની કિંમતનું 434 કિલો શંકાસ્પદ ઘી જપ્ત કરાયું. ઘીના નમૂનાના પરીક્ષણ અહેવાલ પ્રાપ્ત થયા બાદ તેના આધારે નિયમાનુસાર વધુ કાર્યવાહી કરવામાં આવશે.

# MORBI-BUS-FIRE

મોરબી-રાજકોટ હાઇવે પર ટંકારા નજીક એક સ્કૂલ બસમાં આગ લાગતા 40 જેટલા બાળકોને 112ની ટીમ દ્વારા સુરક્ષિત બહાર કઢાયા હતા. જોકે બસ બળીને ખાખ થઈ હતી. અમારા મોરબીના પ્રતિનિધિ જણાવે છે કે વાયરિંગમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAMAN FLIGHT

અમદાવાદથી દમણ અને મુંબઈથી દમણ સુધી સીધી હવાઈ સેવાની આજથી શરૂઆત થઈ છે. ઉડાન સ્કીમ અંતર્ગત ટેક્સી ભાડામાંજ સીધા હવાઈ માર્ગે મુસાફરી કરી શકાશે. હવાઈ સેવા સુવિધા શરૂ થતા આગામી સમયમાં દમણના પર્યટનને વધુ વેગ મળશે તેમ એલાયન્સ એરના અધિકારી સુનિલ છીપાએ જણાવ્યું,

(BYTE : SUNIL CHHIPA, ALLIANCE AIR OFFICER)

*("दमन वासियों के लिए एक तो फ्लाइंग टाइम्स कम हो जाएगा। जैसे यहां से कोई बॉम्बे जा रहा है तो ट्रैफिक में फंस जाता है। तो विद इन **35** मिनट्स और **40** मिनट्स बॉम्बे आप पहुंच सकते हैं। और फेयर भी हैं, वो काफी रीजनेबल रखे हैं। काफी किफायती दरें रखी हैं हम लोगों ने। टूरिज्म को तो अपने अहमदाबाद से हम लोग कनेक्ट कर रहे हैं, ताकि अहमदाबाद से गुजराती लोगों को जो भी हमारे भाई लोग हैं, वो आ सकते हैं। और दमन में जो भी हैं टूरिज्म को हम लोग इनक्रीस कर सकते हैं। उससे काफी रेवेन्यू भी बढ़ जाएगा।")*

શરૂઆતમાં અમદાવાદથી દમણ અંદાજે 1 હજાર 800 રૂપિયાથી વધુ અને દમણથી મુંબઈ અંદાજે 2 હજાર 200 રૂપિયાથી વધુ ભાડું રહેશે.

# RAKSHA SUTRA- KALASH

ગુજરાતની આંગણવાડીની બહેનો દ્વારા 4 લાખ 50 હજાર રાખડીઓનો રક્ષાસૂત્ર કળશ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મહિલા બાળ કલ્યાણ મંત્રી ડો. મનિષા વકીલની ઉપસ્થિતિમાં સરહદી દળોના અધિકારીઓને સુપ્રત કરાયો. આ રક્ષાસુત્ર કળશનો આર્મી, બી.એસ.એફ, સી.આર.પી.એફ. અને એન.ડી.આર.એફ.ના ગાંધીનગર સ્થિત જવાનોએ સ્વીકાર કર્યો. "એક રાખી દેશ કે જવાનો કે નામ" અંતર્ગત ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી રક્ષાસૂત્ર કળશ મોકલે છે.

# RAJYPAL-BARDOLI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બારડોલી તાલુકાના સાંકરી ખાતે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત રહી પ્રાકૃતિક કૃષિને વ્યાપક બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલે જણાવ્યું કે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને રોગમુક્ત સમાજ માટે 'બેક ટુ નેચર' એકમાત્ર ઉપાય છે. તેમણે પરિસંવાદ સ્થળે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી અને ખેડૂતો સાથે સંવાદ પણ કર્યો હતો. સફળ ખેડૂતોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

દરમિયાન ભરૂચના અંકલેશ્વરની સનાતન ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આચાર્ય દેવવ્રતે ‘સક્ષમ કિશોરી’ પુસ્તકનું વિમોચન કર્યું હતું.

# JAMNAGAR AWARD

જામનગરના જાણીતા શાસ્ત્રીય સંગીતકાર અને સંગીત શિક્ષિકા ડૉ. સ્વાતિ અજેય મહેતાને પ્રતિષ્ઠિત પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર સંગીતરત્ન પુરસ્કારથી સન્માનિત કરાયા છે. ભારતીય શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે છેલ્લા 45 વર્ષથી આપેલા નોંધપાત્ર યોગદાન બદલ તેઓની પસંદગી કરવામાં આવી હતી. ડૉ. સ્વાતિ અજેય મહેતાએ ભારતીય શાસ્ત્રીય સંગીતના શિક્ષણ અને પ્રચાર-પ્રસાર માટે ચાર દાયકાથી વધુ સમયથી સતત કાર્ય કર્યું છે. સંગીત ક્ષેત્રે તેમની નિષ્ઠા, સાધના અને યોગદાનને ધ્યાને લઈ તેમને આ રાષ્ટ્રીય સ્તરનું સન્માન પ્રાપ્ત થયું છે. નવી મુંબઈ ખાતે યોજાયેલા પુરસ્કાર સમારોહમાં તેમને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો.

# SANSKRIT SAPTAH

રાજ્યભરમાં આજથી 'સંસ્કૃત સપ્તાહ'નો પ્રારંભ થયો. તે અંતર્ગત આજે વિવિધ જિલ્લામાં સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઇ. છોટાઉદેપુર જિલ્લામાં આજે સંસ્કૃત ગૌરવયાત્રા દરમિયાન શાળાના વિદ્યાર્થીઓએ પ્રાચીન ભારતીય ઋષિમુનિઓ અને વિદ્વાનોની આકર્ષક વેશભૂષા ધારણ કરી ભારતીય સંસ્કૃતિની ઝાંખી રજૂ કરી. જ્યારે તાપી જિલ્લાના વ્યારા ખાતે યોજાયેલી યાત્રામાં નાગરિકો તેમજ વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા. તો, અમદાવાદમાં યોજાયેલી સંસ્કૃત ગૌરવ યાત્રામાં ઋષિમુનિઓ અને વેદ-પુરાણોના ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યા.

ઉલ્લેખનીય છે કે 31 ઓગસ્ટ સુધી ચાલનાર આ સપ્તાહની ઉજવણી અંતર્ગત જિલ્લા અને તાલુકા કક્ષાએ સંસ્કૃત ગૌરવ, સંસ્કૃત સંભાષણ, સંસ્કૃત સાહિત્ય તથા સુભાષિત આધારિત વિવિધ કાર્યક્રમો યોજાશે.

# BHUJ-ARMY-COMBET

ભુજ-માધાપરમાં આર્મી કોમ્બેટ યુનિફોર્મના પ્રતિબંધિત કાપડ વેચાણ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અમારા પ્રતિનિધિ જણાવેછે કે મિલિટરી ઇન્ટેલિજન્સ ભુજ અને ભુજ બી-ડિવિઝન પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં ઢાકા આર્મી જનરલ સ્ટોર અને માધાપરના રાઘવ આર્મી એન્ડ સ્પોર્ટ સ્ટોર પર દરોડા પાડયા હતા.

# WEATHER FC

**રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ વરસાદના 7 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું, છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં ખૂબ જ ઓછો વરસાદ જોવા મળ્યો છે. મુખ્યત્વે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક સ્થળોએ જ હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે, જ્યારે રાજ્યના બાકીના ભાગોમાં વરસાદ થયો નથી. આગામી એક અઠવાડિયા દરમિયાન પણ આવી જ સ્થિતિ રહેશે તેમ શ્રી ચૌહાણે ઉમેર્યું.**

## (BYTE: ABHIMANYU CHAUHAN, SCIENTIST)

*(इस समय में जो है कोई रैन नहीं हुई है। शाथी टेंपरेचर की बात करें तो अहमदाबाद में **34.3** और गांधीनगर में **34** डिग्री सेल्सियस तापमान दर्ज किया गया है। अगले आने वाले हफ्ते की बात करें तो अगले आने वाले हफ्ते में भी मौसम इसी तरीके का बना रहेगा, बहुत कम रैन देखने को मिलेगी और मुख्य तौर पर जो है साउथ गुजरात के कुछ हिस्सों में तथा सौराष्ट्र के कुछ जगहों पे जो है लाइट टू मॉडरेट रैन देखने को मिल सकती है अगले सात दिनों तक। इससे ज्यादा जो है रैन एक्सपेक्टेड नहीं है नेक्स्ट वीक में।)*

# MOTORCYCLE RACING

રાષ્ટ્રીય કક્ષાની ટ્રેક મોટરસાઈકલ રેસિંગમાં પોડિયમ ફિનિશ મેળવીને વડોદરાની કિંજલ રાજે ઈતિહાસ રચ્યો છે. આ સાથે 28 વર્ષીય કિંજલ આ સિદ્ધિ મેળવનાર ગુજરાતની પ્રથમ મહિલા મોટરસાઈકલ રેસર બની છે. ચેન્નાઈ ખાતે યોજાયેલી 'TVS વુમન્સ વન મેક ચેમ્પિયનશિપ'ના રાઉન્ડ એકમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા, તેણે રેસ-સ્પેક 200 CC TVS અપાચે RTR 200 પર ત્રીજું સ્થાન એટલે કે પોડિયમ ફિનિશ હાંસલ કર્યું.

આ સમગ્ર રેસ વિકેન્ડ દરમિયાન કિંજલે ખભાની ઈજા અને દર્દનો સામનો કરવો પડ્યો હતો. છતાં તેણે હિંમત ન હારી અને રેસમાં અંત સુધી લડીને સિદ્ધિ મેળવી.